## મોડાસા-ટીંટોઈ-શામળાજી વાયા પહાડપુર

# રેલવે લાઈનનો ખેડૂત રેલ લડત સમિતિ દ્વારા વિરોધ

## કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ : બિલ્ડરો અને રાજકીય હોદ્દેદારોનો અંગત સ્વાર્થ ખેડૂતોની જમીનનો ભોગ લેશે

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર આઝાદીના આટલા બધા વર્ષો પછી રેલવેની સુવિધાથી વંચિત હોય તેવી સ્થિતિ છે. મોડાસા-નડિયાદ રેલવે લાઈન ૧૯૭૯માં નખાયા બાદ મોડાસાથી ઉદેપુર રેલવે લાઈન અનેક વિઘ્નો અને સતત વિવાદ પછી મહેસાણા ખાતે થોડાક સમય અગાઉ રેલવે કેન્દ્રીય પ્રધાન પ્રભુએ મોડાસા-શામળાજી ૨૩ કિમી નવી રેલ લાઈનનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ નવી રેલ લાઈન નાખવાનુ નક્કી થતા ૨૭થી વધુ ગામોના ભૂમિપુત્રોની જમીન છીવાઈન જવાની ભીતીથી સોમવારે ખેડૂત રેલ લડત સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કરી અરવલ્લી જિલ્લા ઈન્ચાર્જ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.











અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૧૯૭૯ના વર્ષમાં રેલવે લાઈન મોડાસાથી નડિયાદ(કપડવંજ) નખાયા બાદ તત્કાલીન રેલવે પ્રધાને આ રેલવે લાઈનને ટીંટોઈ-ઉદેપુર સુધી જોડવાની ખાતરી આપી હતી. જેના સંદર્ભે વર્ષ ૧૯૮૦ અને ૨૦૦૨માં રેલવે-લાઈન નાખવા માટે સર્વે કરી સૂચિત માર્ગના નકશા અને માર્ગ પર નિશાન રેલવે અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. રેલવે લાઈન મોડાસાથી ઉદેપુર સુધી લંબાવા માટે આટલા બધા વર્ષોની ઈંતેજારી બાદ નવી રેલવે લાઈન માટે ફરીથી સર્વે કરી આ રેલવે લાઈન મોડાસા-ટીંટોઈ-શામળાજી વાયા પહાડપુરથી પસાર કરવાનુ નક્કી થતા મોડાસા રેલ ખેડૂત સમિતિ દ્વારા આ રેલવે લાઈનો વિરોધ કરી જણાવ્યું હતું કે રેલવેતંત્રના અધિકારીઓ અને રેલવે તંત્રને શહેરના નામચીન બિલ્ડરો અને રાજકીય પદઅધિકારીઓની અંગત સ્વાર્થ ખાતર સાંઠગાંઠ રચી જનતાના અને ખેડૂતોના હિત જોયા વગર રેલવે લાઈન જૂના બન્ને સર્વે જગ્યાના બદલે નવો સર્વે કરી રેલવે લાઈન નાખવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જેમાં ૨૫ થી વધુ ગામના ખેડૂતોની જમીન આ રેલવે લાઈનના લીધે છીનવાઈ જતા ખેડૂતોની હાલત કફોડી બનશે તેમ જણાવી જિલ્લા કલેક્ટર ઈન્ચાર્જ ચીરાગ ચાવડાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સોમવારે સવારે અરવલ્લી જિલ્લા સેવાસદન ખાતે નવી રેલવે લાઈનનો વિરોધ દર્શાવવા ૨૭ ગામોના ૧૫૦૦થી વધુ ખેડૂતો અને મહિલાઓ વિરોધ ધર્શાવવા ઉમટી પડી હતી અને તમામ ખેડૂતોએ જણાવ્યું હતું કે જ્યાં સુધી ૨૭ ગામોના ભૂમિપુત્રોની માંગ નહિ સંતોષાય ત્યાં સુધી લડત ચાલુ રહેશે.

# હિંમતનગરમાં વંચિતોના વિકાસ માટે યાત્રા નીકળી

હિંમતનગર,તા. ૧૩

હિંમતનગર તાલુકામાં ભારતીય જનતા પાર્ટી ધ્વારા વંચિતોના વિકાસ સામાજીક સમરસતા યાત્રા કાઢવામાં આવી હતી જેમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ તાલુકાના ગામોમાં જઈ દલિત વિસ્તારમાં સમાજને લગતા પ્રશ્નો સાંભળી ત્વરીત નિરાકરણ લાવવાના પ્રયાસો કર્યા હતા. યાત્રાને ભાવસભર પ્રતિસાદ મળ્યો હતો.

હિંમતનગર તાલુકામાં રહેતા અનુસૂચિત જાતિના સમાજના પ્રશ્નોને વાચા આપવા ભાજપ ધ્વારા વંચિતોના વિકાસ સામાજીક સમરસતા યાત્રા યોજવામાં આવી હતી જેમાં હિંમતનગરના ધારાસભ્ય દલિત વિસ્તારોની મુલાકાત લઈ દલિત સમાજને લગતા પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ લાવ્યા હતા. સોમવારે સવારે ૮ કલાકે સવગઢ મુકામેથી યાત્રાનો



પ્રારંભ થયો હતો. ગામની દલિત મહિલાઓએ રોજગારી માટે નરેગા યોજના કામો શરૂ કરવા માટે રજૂઆત કરતા ધારાસભ્યએ સવગઢ ગામે તાત્કાલિક અસરથી નરેગા યોજના હેઠળના કામો શરૂ કરી મહિલાઓ અને વંચિતોને રોજગારી આપવા અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત પીવાના પાણી માટે તાત્કાલિક અસરથી ચાર બોર મંજૂર કર્યા હતા. તે ઉપરાંત દલિત વિસ્તારના ગટર, રસ્તા જેવા કામો ઝડપથી ઉકેલવાની ખાત્રી આપી હતી. યાત્રા દિવસ દરમિયાન સવગઢ, ઈલોલ, કનાઈ,ગઢા, સાચોદર, પીપોદર, પેથાપુર, કાનપુર, કડોલી, દેરોલ સહિત તાલુકાના તમામ ગામોમાં ફરી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ દલિત વિસ્તારોમાં જઈ દલિતોને લગતા પ્રશ્નોનું તાત્કાલિક અસરથી નિરાકરણ લાવતા દલિત સમાજમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. યાત્રામાં જોડાયેલા ભાજપના કાર્યકરોએ દેરોલ ગામે દલિત કાર્યકરને ત્યાં ભોજન લીધુ હતું યાત્રામાં ધારાસભ્યની સાથે હિંમતનગર તાલુકા ભાજપના પ્રમુખ હસમુખભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય નરેશ પરમાર, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ ભગાભાઈ પરમાર, ભાજપના અગ્રણી વિજયભાઈ વણઝારા સહિત કાર્યકરો જોડાયા હતા. યાત્રાનું સંચાલન કન્વીનર રમણભાઈ ચમારે કર્યુહતું.

# ડીસાના કંસારી પાસે ૭ શખસો દ્વારા ઘડાયું કારસ્તાન : કાર આંતરીને રિવોલ્વરની અણીએ લૂંટ

ડીસા,તા. ૧૩

ડીસા-ધાનેરા હાઈવે પર કંસારી પાસે શનિવારે મધરાતે ઈડર અને અમદાવાદથી નાકોડાજી દર્શનાર્થે જઈ રહેલા પરિવારની કારનું રિવોલ્વરની અણીએ અપહરણ કરી સાતેક લુટારુઓએ તેમને ધાનેરા નજીક કાચા રસ્તે કાર ફસાઈ જતાં બે જણા પાસેથી રૂ. ૧૭ હજાર રોકડા સહિત રૂ.૨૧ હજારની લૂંટ કરી નાસી ગયા હતા. આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસ દોડતી થઈગઈ હતી. ડીસાના કંસારી પાસે ૭ શખસોનું કારસ્તાન, યાત્રિક પરિવારનું અપહરણ કરી ૨૧ હજાર લૂંટી લીધાની ફરિયાદ

ઈડરની ધનેશ્વર સોસાયટીમાં રહેતા ભરતકુમાર પ્રભુદાસ દેસાઈ (ચૌધરી) અને તેમનો પરિવાર તેમજ તેમના મિત્રો ભરતભાઈ છોટાલાલ દેસાઈ (જૈન) અને સુરેશભાઈ કાંતિલાલ શાહ તથા તેમના કુટુંબના માણસો રાજસ્થાનના નાકોડાજી તીર્થ ખાતે દર્શન કરવા ત્રણ વાહનો લઈને નીકળ્યા હતા. જેમાં ભરતભાઈ મારૂતી સીયાઝ કાર (જીજે ૧ આર એન ૬૦૩૯) ચલાવતા હતા. જેમાં તેમની સાથે કારમાં રાજેશભાઈ (રહે. ડિવાઈન પાર્ક, સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ) તેમજ ભરતભાઈ દેસાઈ (રહે. અરવલ્લી સોસાયટી, ઈડર) બેઠા હતા. તેમના તમામ વાહનો ડીસા ડીસન્ટ હોટલમાં જમવા રોકાયા બાદ ડીસા- ધાનેરા હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે બે ગાડી આગળ નીકળી ગઈ હતી.

### અમદાવાદ-ઈડરના પરિવારો ત્રણ ગાડીમાં નાકોડાજી દર્શનાર્થે ગયા હતા

જ્યારે ભરતભાઈ સીયાઝ કારની આગળ એક નંબર વગરની મારૂતી સ્વીફટ કાર ઉભી રાખી ઝડપથી તેમાંથી બે માણસોએ ઉતરી એક જણાએ રિવોલ્વર કાઢી તેમને નીચે ઉતારી તથા તેમની સાથેના ભરતભાઈને નીચે ઉતારી બંનેને ગાડીમાં પાછળ બેસાડી દીધા હતા અને આ શખસો તેમની ગાડી હંકારી ધાનેરા તરફ કાચા રસ્તે લઈ અલગ-અલગ જગ્યાએ ફેરવી રાજેશભાઈ શાહ પાસેથી રૂ.૭ હજાર રોકડા અને બે હજારનો મોબાઈલ તેમજ ભરતભાઈ જૈન પાસેથી રૂ. ૧૦ હજાર રોકડા અને રૂ. બે હજારનો મોબાઈલ કુલ મળી રૂ. ૨૧ હજારની મત્તા લૂંટી લીધી હતી.

આ ઘટના અંગે ડીસા તાલુકા પોલીસે ભરતભાઈ દેસાઈની ફરિયાદના આધારે સાત શખસો સામે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ આર.કે.પાઠક ચલાવી રહ્યા છે.

### કાચા રસ્તે કાર ફસાઈ જતાં લુટારુઓ તેમની ગાડીમાં ભાગી ગયા

કંસારી ગામ પાસેથી કારમાં આવેલા ૭ લુટારુઓએ અમદાવાદના યાત્રિકોની ગાડીનું અપહરણ કર્યા બાદ ધાનેર તરફ કાચા રસ્તે ગાડી હંકારી મૂકી હતી અને રસ્તામાં આ શખસોએ ત્રણેય યાત્રિકોને લુંટી લીધા હતા. દરમિયાન, કાચા રસ્તા ઉપર અપહૃત કાર ફસાઈ જતાં લુટારુઓએ આ ગાડી છોડી લઈ તેમની પાછળ આવી રહેલી તેમની સ્વીફટ કારમાં બેસી રવાના થઈ ગયા હતા. આમ, લુંટારુઓની ચૂંગાલમાંથી માંડ માંડ છુટેલા ભરતભાઈ અને ત્રણેય જણા મધરાતે ચાલતા ચાલતા એક ખેડૂત પાસે જઈ આપવીતી કહ્યા બાદ તેના ફોનથી તેમની સાથેના બે વાહનોનો સંપર્ક કરતાં તેઓ પોલીસને લઈને ઘટના સ્થળે પહોંચ્યા હતા. જિલ્લાભરની પોલીસ દોડતી થઈ

લૂંટના આ બનાવથી જિલ્લા પોલીસવડાએ તાત્કાલિક એલસીબી, એસઓજી પેરોલફર્લો સ્કવોડની ટીમો ઉપરાંત ડીસા, ધાનેરા અને પાંથાવાડા પોલીસની ટીમો દોડતી કરી દીધી હતી. પરંતુ કોઈ ફળદાય. હકીકત સાંપડી ન હતી.

### ડીસા-ધાનેરા હાઈવે લુટારુઓ માટે રેઢું ખેતર

ડીસા- ધાનેરા હાઈવે લુટારુ ગેંગ માટે મોકળુ મેદાન હોય તેમ અવારનવાર લૂંટ થાય છે. ગત વર્ષ અમદાવાદની સંગીત પાર્ટીના કલાકારોની કારનું આજ રીતે અપહરણ કરાયું હતું.

# ગાંભોઇ પાસે થયેલા બે અકસ્માતમાં બેના મોત

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક શનિવાર અને રવિવારે બે માર્ગ અકસ્માતની ઘટનામાં બે વ્યકિતના સારવાર દરમિયાન મોત નિપજયા હતા. જેમાં ગામડી નજીક ઈન્ડીગો ગાડીની ટક્કરથી ગંભીર રીતે ઘવાયેલા હમીરગઢના મોપેડ ચાલકનું સારવાર દરમિયાન અમદાવાદ ખાતે મોત નિપજયુ હતું. જયારે ગાંભોઈ ત્રણ રસ્તા પર રોડ ક્રોસ કરી રહેલા ગાંભોઈના એક રાહદારીનું ટ્રકની ટક્કરથી સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. તાલુકાના હમીરગઢ ગામના રહીશ અને સાબરડેરીમાં નોકરી કરતા જગદીશભાઈ લલ્લુભાઈ પટેલ શનિવારે સવારે પોતાના મોપેડ નં. જીજે. ૦૯.સીજી.૧૮૪૯ લઈ હમીરગઢથી હિંમતનગર સાબરડેરી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ગામડી નજીક ટાટા ઈન્ડીગો ગાડી નં.એમપી. ૦૬.સીએન.૮૯૫ ઉના ચાલકે પાછળથી મોપેડને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં જગદીશભાઈ પટેલને વધુ સારવારાર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજતા મૃતકના ભાઈ બાબુભાઈ લલ્લુભાઈ પટેલે ઈન્ડીગો ગાડીના ચાલક વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં રવિવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.જયારે અકસ્માતની બીજી ઘટના રવિવારે ગાંભોઈ ત્રણ રસ્તા પર બની હતી. જેમાં ગાંભોઈ ખાતે રહેતા કેશાભાઈ અરજણભાઈ ચમાર રોડ ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન પુરઝડપે આવી રહેલી ટ્રક નં.આર.જે.૦૯.જીએ.૭૮૦૨ના ચાલકે રાહદારી કેશાભાઈને ટક્કર મારતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને હિંમતનગર સિવિલમાં લવાતા રસ્તામાં જ મોત નિપજયુ હતું.

# ભિલોડાની ધોલવાણી દૂધ મંડળીના સેક્રેટરીની ૩.૫૦ લાખની રોકડ ભરેલી બેગ તસ્કરો લઈ પલાયન

ભિલોડા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ભિલોડામાંથી ધી ધોલવાણી દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સેક્રેટરીની બેગ ચોરી રૂ. ૩,૫૦ લુંટી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકામાં ઠેર ઠેર અવાર-નવાર દિન-પ્રતિ-દિન નાની મોટી લાખ્ખો રૂપિયાની ચોરીઓનો ઉપદ્રવ વધતાં પ્રજાજનોમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે. ધી ધોલવાણી દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. ચેરમેન ભાવેશભાઈ વાઘજીભાઈ પટેલ, કારોબારી સભ્ય દેવકરણભાઈ શામળભાઈ પટેલના જણાવ્યા મુજબ સેક્રેટરી રમેશભાઈ સવજીભાઈ મોડીયા ભિલોડા સાબરકાંઠા બેંકમાંથી ચેક મારફતે રૂ. ૩,૫૦,૦૦૦ સવારે ૧૧.૩૦ થી ૧૨.૦૦ વાગ્યાના અરસામાં ઉપાડ્યા બાદ બજારમાં કામકાજ અર્થે ગયા હતા પરંતુ રૂ. ૩,૫૦ હજાર ભરેલી બેગ આંખના પલકારામાં અજાણ્યા ચોર ઈસમોએ ચોરી કરી પલાયન થઈ જતાં ધી ધોલવાણી દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. ચેરમેન, વા. ચેરમેન, સેક્રેટરી, કારોબારી સભ્યોએ ભારે શોધખોળ આદરી હતી. પરંતુ રૂ. ૩,૫૦ હજાર ભરેલી બેગનો કોઈ પત્તો મળ્યો નથી ત્યારે ધી ધોલવાણી દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સેક્રેટરી રમેશભાઈ સવજીભાઈ મોડીયાએ રૂ. ૩.૫૦ હજાર ભરેલી બેગની ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. આર.એચ. સોલંકીએ સીસીટીવી કુટેજના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળેલ છે. ધી ધોલવાણી દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સેક્રેટરીની રૂ. ૩,૫૦ લાખ ભરેલી બેગ ચોરનાર અજાણ્યા તસ્કરોને ઝડપી લેવાવધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

### ડેમાઈ ગામે વૃદ્ધના એટીએમ કાર્ડથી ગઠીયાએ ૧.૫૮ લાખ ઉપાડી લીધા

બાયડ તાલુકાના ઝાંખરીયા ગામના વતની લેબાભાઈ નાથાભાઈ પરમાર ઉ.વ. ૫૮, તા. ૨૫-૫-૨૦૧૬થી તા. ૨૮-૫-૨૦૧૬ સુધીમાં તેમના એટીએમમાંથી ૧,૫૮,૧૩૨ રૂપિયા કોઈ ઈસમે એટીએમ કાર્ડ અદલા-બદલી કરી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ કાર્ડ હોવાથી કોઈ ઈસમો પૈસા ઉપાડી લઈ ફરાર થયેલ છે. આ મામલે બાયડ પોલીસમથકે લેબાભાઈ નાથાભાઈ પરમારે ફરીયાદ નોંધાવતા બાયડ પોલીસે વધુ તપાસ હાથ ધરેલ છે.

# મોડાસા કોર્ટમાં ભરણપોષણ ભરવા આપેલા રૂપિયા ચાઉ કરી જતા વકીલને ધક્કે ચડાવાયા

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ



પર આવેલી જ્યુડીસીયલ કોર્ટમાં એક પરિવારના સભ્ય સામે ભરણપોષણનો દાવો કરવામાં આવતા પરિવારે રોકેલા વકીલ પરિવાર દ્વારા ભરણપોષણ માટે અપાયેલી રકમ કોર્ટમાં ન ભરતા અને ખીસ્સામાં સેરવી લેતા વકીલ અને અસીલના પરિવારજનો વચ્ચે આ અંગે ઉગ્ર બોલાચાલી બાદ પરિવારના સભ્યોએ વકીલને ધક્કે ચડાવતા આ બનાવથી સમગ્ર વકીલ આલમમાં અને પ્રજાજનોમાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સાઠંબા ગામના લઘુમતિ પરિવારના પુત્રના લગ્ન બાદ પતિ-પત્નિ વચ્ચે સતત અણબનાવ બનતા આ મામલો છુટાછેડા સુધી પહોંચી ગયો હતો. અંતે આ મામલે કોર્ટ દ્વારા ભરણપોષણની રકમ પેટે ૩૩ હજાર રૂપિયા ભરવાનો હુકમ કરતા ગત ૩૦-૪-૨૦૧૬ના રોજ અસીલે રોકેલા વકીલને રૂપિયા ૩૩ હજાર રોકડા વિશ્વાસ રાખી ભરવા આપ્યા હતા. ત્યારબાદ ૧૯-૫-૨૦૧૬ના રોજ અસીલના પરિવારના ઘરે કોર્ટનું વોરંટ આવ્યુ હતુ. જેમાં ભરણપોષણની રકમ ભરી ન હોવાથી અસીલની અટકાયત કરી કોર્ટમાં રજુ કરવામાં જણાવતા અસીલ અને તેના પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા અને ત્યારબાદ અસીલના પરિવારજનોએ મોડાસા જ્યુડીસીઅલ કોર્ટમાં તપાસ કરતા તેમને આપેલા ૩૩ હજાર રૂપિયા વકીલે ભર્યા ન હોવાનુ જાણવા મળતા સોમવારે અસીલના પરિવારજનોને તેમને રોકેલો વકીલ કોર્ટમાં જોવા મળતા પરિવારજનોએ વકીલ સાથે આ અંગે પૃચ્છા કરી આ પૂછતાછ ઉગ્ર બનતા કોર્ટે સંકુલમાં વકીલને પરિવારજનોએ ધક્કે ચઢાવતા ઝપાઝપી થતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. આ મામલામાં ન્યાયાધીશ પર પણ આંગળી ચિંધવામાં આવી હતી. જેમાં વકીલે જજના નામે ૫૦ હજાર રૂપિયા ઉપરાંતની માંગણી કરી અસીલ પાસેથી નાણા વસુલ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ સમગ્ર મામલો જિલ્લા અને મોડાસાના ન્યાયસંકુલો, વકીલો તેમજ પ્રજાજનોમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો. અસીલના પરિવારજનોએ આ સમગ્ર મામલાની



ન્યાયિક તપાસ કરવા ઉગ્ર માંગણી કરી હતી.